**નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ ગુજરાત રાજયના મહેકમ પરની વર્ગ-૩ તથા વર્ગ-૪ ની જગ્યાઓ પર નિમણૂંક/બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગે પસંદગી સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

**ઠરાવ ક્રમાંકઃમસક/૧૦૨૦૧૬/૮૯૨૫/ફ**

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ-૮/૩/૨૦૧૬.

**વંચાણે લીધાઃ-**

ગૃહ વિભાગનો તા.૩૦/૮/૧૯૮૩ ના ઠરાવ ક્રમાંકઃરસબ/૧૦૮૨/૮૦૮/ફ.

**ઠ રા વઃ-**

નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ ગુજરાત રાજયના મહેકમ પરની વર્ગ-૩ તથા વર્ગ-૪ ની જગ્યાઓ પર બઢતી આપવા માટે ગૃહવિભાગના ઉકત વંચાણે લીધેલ ઠરાવથી રચવામાં આવેલ ખાતાકીય બઢતી સમિતિ આથી રદ્દ કરી નવેસરથી પસંદગી સમિતિની રચના કરવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

પ્રસ્તુત બાબતે કાળજીપૂર્વકની વિચારણાના અંતે નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ ગુજરાત રાજયના મહેકમ પરની વર્ગ-૩ તથા વર્ગ-૪ ની જગ્યાઓ પર નિમણૂંક/બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગે નીચે મુજબની પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજય, અમદાવાદ. | **અધ્યક્ષ** |
| (૨) | અધિક સચિવ/સંયુકત સચિવ(કા.વ્ય)/નાયબ સચિવ(કા.વ્ય) ગૃહ વિભાગ,સચિવાલય, ગાંધીનગર. | **સભ્ય** |
| (૩) | નાયબ નિયામક, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજય, અમદાવાદ | **સભ્ય સચિવ** |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(વિજય બધેકા)**
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, ગુજરાત રાજય, શાહીબાગ, અમદાવાદ
- સંયુકત સચિવશ્રી(કા.વ્ય) ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.